# થરા રૂનિ રોડ પર ખુલ્લી ગટરથી નાગરિકો હેરાન

## નેશનલ હાઈવે ઓર્થોરીટી ગટરના ઢાંકણ નાખવામાં ઠાગાઠૈયા કરે છે : જ્યારે થરા નગરપાલિકા સરકારી હોસ્પિટલથી શિવાજી ચોક તરફ રોડ ઉપર પડેલ ગાબડા પુરવામાં નિષ્ક્રિર





શિહોરી, તા. ૨૨
કાંકરેજના વેપારી મથક થરામાં છેલ્લા કેટલાય સમયથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે પરંતુ તંત્ર મૌન સેવીને તમાશો જોઈ રહ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જો કે થરા-રૂનિ રોડ તરફના રસ્તા ઉપર ઘણા સમયથી ખુલ્લી વિજ ડિપી અને તુટેલી હાલતમાં ગટર આવેલી છે જે લોકો માટે અને વાહન ચાલકો માટે ખતરનાક અકસ્માત સર્જી શકે છે. જ્યારે થરાની સરકારી હોસ્પિટલથી શિવાજી ચોક તરફ જવાના રસ્તા ઉપર મોટુ ગાબડુ હોવા છતાં નગરપાલિકા નજર અંદાજ કરી રહી હોવાનું લોકમુખે ચર્ચાય છે.

આમ આ બન્ને વિશે થરા નગરપાલિકાના પ્રમુખ અને નેશનલ હાઈવે ઓર્થોરીટીના અધિકારી અને પદાધિકારીઓને પુછતા તેઓ એકબીજા ઉપર પોટફોલીયો ઢોળે છે. અને ગટરની સફાઈ હાઈવે ઓર્થોરીટી કરી રહી હોવાના બહાના બતાવી ઢાંકણા નવા નાખવા માટે આનાકાની કરી રહી છે. આમ તંત્રની બેદરકારીથી કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પેલા ઢાંકણા અને પડેલા ભૂવા પુરવામાં આવે તેવી લોક લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે.

## ધનસુરાના વયોવૃદ્ધ ૧૦૪ વર્ષના દેવજીબાપાનું નિધન

ધનસુરાના વયોવૃદ્ધ અને નગરના સૌથી જેષ્ઠ દેવજીભાઈ ઘડીયારી ઉર્ફે દેવજી બાપાનું આજે સવારે નિધન થતા સમગ્ર ધનસુરા નગરમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો. દેવજીબાપાની ઉંમર ૧૦૪ વર્ષની હતી.

## ધનસુરામાં સુલભ શૌચાલયનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

ધનસુરા ગ્રામ પંચાયત સંચાલિત અદ્યતન સુવિધાઓ સાથે નવીન શૌચાલયનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ, સદસ્ય સુરેશભાઈ પટેલ, પંચાયત સદસ્યા અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નોટ-એટીએમ વ્યવસ્થા લોકોને મુશ્કેલી અંગે કેન્દ્રીય સચિવ ગુરૂપ્રસાદ મહાપાત્રે મહેસાણા જિલ્લાની સમીક્ષા કરી

મહેસાણા, ૨૨
મહેસાણા જિલ્લામાં પ્રવર્તમાન નોટબંધીના પગલે થયેલ સ્થિતિની સમીક્ષા કરી હતી. નોટબંધીના પગલે લોકોની મુશ્કેલી તેમજ તેનું તાત્કાલીક ધોરણે નિવારણ જરૂરીયાત બાબતે પણ સમીક્ષા કરાઈ હતી. આ ઉપરાંત કિસાન ક્રેડિટ કાર્ડ ખાતેદારો, દૂધ ઉત્પાદક સહકારી



પરિસ્થિતિનો તાગ મેળવવા કેન્દ્રીય સચિવ ગુરૂપ્રસાદ મહાપાત્ર દ્વારા જિલ્લાની મુલાકાત કરાઈ હતી. જિલ્લા કલેકટર આલોક કુમાર સહિત જિલ્લાના અધિકારીઓ તેમજ બેન્કના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

ગુરૂપ્રસાદ મહાપાત્રની આગેવાનીમાં મળેલ બેઠકમાં બેન્ક અધિકારીઓ તેમજ જિલ્લાના અધિકારીઓ પાસેથી પ્રવર્તમાન નાણાંની કરવા બાબતે સુચનો કરાયા હતા. આ ઉપરાંત જિલ્લામાં કાર્યરત અને બંધ એટીએમ બાબતે બેન્ક અધિકારી સાથે ચર્ચા કરી પુર્ણ કાર્યરત કરવા બાબતે વિવિધ સુચનો કરાયા હતા.

બેઠકમાં વિવિધ બેન્કોની કામગીરી બાબતે તેમજ લોકોને મુશ્કેલી ન પડે તે પ્રકારની કાર્યવાહી કરવા સુચના આપી હતી.નાણાંકીય તંગી નિવારવા માટે જિલ્લામાં નાણાંની મંડળીઓ સહિતની સમસ્યાઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લામાં કાર્યરત માર્કેટ યાર્ડો બાબતે વિગતે માહિતી મેળવી હતી. દૂધ મંડળીના ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ જાણી હતી. કેન્દ્રિય સચિવ ગુરૂપ્રસાદ મહાપાત્રની આગેવાનીમાં જિલ્લાના કલેકટર આલોક કુમાર સહિત અધિકારીઓની ટીમ દ્વારા એપીએમસી માર્કેટ, શાક માર્કેટ, બેન્ક, એટીએમ અને સોસાયટીની મુલાકાત કરી લોકોના પ્રશ્નોથી અવગત થયા હતા.

## ગોપાલસિંહ રાઠોડ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસના પ્રમુખ નિમાયા

છેલ્લા કેટલાય સમય થી સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસના પ્રમુખ બદલવાની વાત હતી જેનો આજે ફેસલો આવી ગયો છે.મંગળવારે પ્રદેશ કોંગ્રેસ ધ્વારા સાબરકાંઠા



જીલ્લાના નવા કોંગ્રેસ પ્રમુખ તરીકે ગોપાલસિંહ રાઠોડની પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વરણી કરી છે જેને લઈને જીલ્લામાં કોંગ્રેસ કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા છે.




## પાલનપુરનું સોની બજાર પુનઃ ધમધમતું થયું

પાલનપુરમાં પોલીસ દ્વારા થતી ખોટી કનડગત સામે સોની વેપારીઓએ બાંયો ચડાવી હતી. સોની બજારે બંધ પાળી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જોકે, ડીએસપીએ તટસ્થ તપાસનું આશ્વાસન આપતા આજથી સોની બજાર પુનઃ ધમધમતું થઈ ગયું હોવાના અહેવાલ સાંપડ્યા છે. પાલનપુરમાં સોની બજારમાથી એક બંગાળી કારીગર રૂપિયા ૨૭ લાખનું સોનુ ચોરી ફરાર થઇ ગયો હતો. જેની અટકાયત બાદ તેણે પોલીસ તપાસમાં ચોરીનો માલ પાલનપુર સોની બજારના કેટલાક સોનીઓને વેચ્યો હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે પોલીસે વેપારીઓ સામે મુદામાલ રિક્વર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેની સામે સોની બજારના વેપારીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. સોની બજારના વેપારીઓનું માનીએ તો, બંગાળી કારીગરને હાથો બનાવી પોલીસ તેઓની ખોટી પજવણી કરી રહી હતી. જેની સામે તેઓએ બંધ પાળી ડી.વાયએસપીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જોકે, ડીએસપીએ આ અંગે તટસ્થ તપાસની ખાતરી આપતા માંડ મામલો થાળે પડ્યો હતો. અને આજથી ચોક્સી બજાર પુનઃ ધમધમતું થઈ ગયું હતું.

## ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતો-પશુપાલકોને નાની ચલણી નોટો પુરતા પ્રમાણમાં ફાળવવા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૨૨
અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતી અને દૂધ ઉત્પાદક પશુપાલકોને નાના ચલણની નોટો પોતાની સહકારી બેન્કમાંથી પુરતા પ્રમાણમાં મળે તે માટે રિઝર્વ બેંક દ્વારા વધુ રકમ ફાળવવાની માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને ભારતીય કિસાન સંઘે આજરોજ આવેદનપત્ર આપ્યું હતું.

જેમાં કરાયેલ રજૂઆત મુજબ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ૧૧૫ શાખાઓ ધરાવતી કિસાનોની ફેડરલ સહકારી સંસ્થા સાબરકાંઠા બેંક સહિતની રાજ્યની સહકારી સંસ્થાઓમાં કરન્સી વ્યવહાર બંધ થતા ઉભી થયેલી પરિસ્થિતિમાં હળવાશ લાવવા રિઝર્વ બેંક સમક્ષ રજૂઆતો પછી પણ જે ફાળવણી કરાય છે તે પુરતી ન હોઈ તેમાં વધારો કરવા કિસાન સંઘ પ્રમુખ જીવાભાઈ કે. લટાએ જિલ્લા કલેક્ટરને આપેલ આવેદનપત્ર મુજબ રિઝર્વ બેંક દ્વારા માત્ર ૫ કરોડની જ ફાળવણી કરી છે.

બીજી બાજુ બંને જિલ્લાની જીવાદારી સમાન સાબરડેરીનું દસ દિવસનું પેમેન્ટ જ લગભગ ૫૦ કરોડ થાય છે. આ સંજોગોમાં આ ફાળવણી નહિવત હોઈ રોજના ૧૫ થી ૨૦ કરોડ ફળવાય તેવી રજુઆત કરવામાં આવી છે. ગ્રામ્ય પ્રજા, ખેડૂતો, ખેત મજૂરો જેવા નાના માણસોને આ બેંકમાંથી જીવનજરૂરીયાત પુરતા નાની કરન્સીમાં નાણાં કોઈ તકલીફ વિના મળે તે સ્થિતિ પ્રસ્થાપિત કરવા જરૂરી રકમ રિઝર્વ બેંક સહકારી બેન્કોને ફાળવે તે સારૂ અનુરોધ કર્યો છે. વધુમાં જુના ૫૦૦ અને ૧૦૦ની નોટો સહકારી બેંકોમાં સ્વીકારવા ઉપર પ્રતિબંધ હોઈ કિસાનોની મુશ્કેલી વધી હોવાનું પણ આવેદનપત્રમાં જણાવાયું છે.

# મોડાસા સિવિલ કોર્ટે માલપુર ગંજબજારને ૨.૭૫ કરોડ ખેડૂતને ચૂકવવા જપ્તી વોરંટ ઈસ્યુ કર્યું

## માર્કેટયાર્ડના સત્તાધીશોએ પાંચ દિવસનો સમય માંગતા કાર્યવાહી મોકૂફ રખાઈ

મોડાસા, તા. ૨૨
અરવલ્લી જિલ્લાના મોડાસાની સિવિલ કોર્ટે ૨૭ વર્ષ જૂના કેસમાં મિલ્કત જપ્તીનો આદેશ કરતાં માલપુર માર્કેટયાર્ડને ખેડૂતને ૨.૭૫ કરોડ ચૂકવવા આદેશ કર્યો હતો. પરંતુ તે આદેશનું પાલન નહિ થતાં આખરે માર્કેટયાર્ડની મિલ્કત જપ્તી અને સીલ માટે આદેશ થયો હતો. જેમાં માર્કેટયાર્ડ સત્તાધીશોએ પાંચ હતી જે પાંચ વીઘા જમીનનું સંપાદન વર્ષ ૧૯૯૧-૯૨માં કલેકટરના આદેશથી કરવામાં આવ્યુ હતુ. ત્યારે તત્કાલિન સમયના માર્કેટયાર્ડ સત્તાધીશોએ ખેડૂતની પાંચ વીઘા જમીનમાં ૨૫ થી વધુ ગેરકાયદેસર ગોડાઉન બનાવી દેતા અરજદાર ખેડૂત કોર્ટમાં ગયા હતા.

સમગ્ર મામલે કોર્ટમાં કેસ ચાલી જતા આખરે ૨૩ વર્ષ બાદ માલપુર માર્કેટયાર્ડની મિલ્કત જપ્તી અને સીલબંધીના આદેશ કરી ખેડૂતને કોઈપણ સંજોગોમાં વળતર ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો. જે અંગે માલપુર માર્કેટયાર્ડ ખાતે અરજદારના વકીલ અને જજના બેલીફની હાજરીમાં કાર્યવાહી હાથ ધરવા પહોંચ્યા હતા.

પરંતુ આ મામલે માર્કેટયાર્ડના સત્તાધીશોએ પાંચ દિવસના સમય




દિવસનો સમય માંગતા કાર્યવાહી મોકૂફ રખાઈ હતી.

માલપુર ગામના ખેડૂત ભાંભી હીરાભાઈ નાથાભાઈની જમીન માલપુર માર્કેટયાર્ડ પાછળ આવેલી ખેડૂતને ૨૦૧૩માં કોર્ટે માલપુર માર્કેટયાર્ડને રૂ. ૨.૭૫ કરોડની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો. પરંતુ છેલ્લા બે વર્ષથી વળતરની રકમ નહિ ચૂકવાતા છેવટે મોડાસા સિવિલ કોર્ટ માંગતા કાર્યવાહીને મોકૂફ રાખવામાં આવી હતી. ત્યારે માલપુર માર્કેટયાર્ડની મિલ્કત જપ્તીના આદેશથી સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

# અરવલ્લી જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં છાત્રોના આરોગ્યની ચકાસણી કરાશે

મોડાસા, તા. ૨૨
અરવલ્લી જિલ્લામાં આજથી શરૂ થતા શાળા આરોગ્ય સપ્તાહમાં જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૨.૫૦ લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે અને સાથે સાથે ગંભીર પ્રકારની બીમારી ધરાવતા બાળકોને રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક સારવાર પુરી પાડવામાં આવશે.

શાળામાં અભ્યાસ કરતા બાળકોના આરોગ્યની તપાસણી કરી બાળકોને જરૂરી સારવાર મળી રહે અને દેશનું ભવિષ્ય એવા બાળકોને સ્વસ્થ રાખવા માટે શાળા આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આજે ૨૧મીના રોજથી આગામી ૨૧મી જાન્યુઆરી સુધી ચાલનારા શાળા આરોગ્ય સપ્તાહની શરૂઆત અરવલ્લી જિલ્લામાં પણ થઈ ચુકી છે. જેમાં જિલ્લાના પ્રાથમિક શાળાઓના ૧,૫૦,૪૮૪ અને માધ્યમિક શાળાઓના ૫૪,૦૯૫ જેટલા છાત્રોને લાભ અપાશે અને આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આ બાળકોના સ્વાસ્થ્યને ચકાસવામાં આવશે. ૨૧મી જાન્યુ-૨૦૧૭ સુધી ચાલનારા શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકોના આરોગ્યની ચકાસણીની સાથે સાથે ગામ તથા શાળાની સફાઈ, પીવાના પાણીના સ્ત્રોત, ગટરોની સફાઈ, ઔષધિય વૃક્ષારોપણ, પ્રદર્શન, પંચાયતની વોટર સપ્લાય કામગીરી, આરોગ્ય શિક્ષણે ન્યુટ્રીશન કે આરોગ્યને લગતી ગંભીર પ્રકારની બિમારી ધરાવતા બાળકોને રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે સારવાર પણ અપાશે.

# શિહોરી-થરા હાઈવે પર નિલગાય બાઈક વચ્ચે અકસ્માત એકનું મૃત્યુ

શિહોરી, તા. ૨૨
પ્રાપ્ત વિગતો અનુસાર શિહોરી-થરા હાઈવે રોડ ઉપર અવારનવાર અકસ્માતોની વણઝાર ચાલુ રહેવા પામી છે. ત્યારે માનપુર હતો. જો કે સ્થાનિક લોકોના ટોળા એકઠા થઈ જતા મૃતક તથા ઈજાગ્રસ્તને સારવાર માટે મોકલી આપ્યા હતા. ૧૦૮ને ફોન કરવા છતાં દોઢ કલાક લેટ આવી હોવાનું નિષ્ક્રિયતાથી ઈજાગ્રસ્તના વાલીઓ ખૂબજ નારાજ થયા હતા. જ્યારે મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા મૃતક રઘુજીની માતા અને તેના કુટુંબીજનો ઘટનાસ્થળ ઉપર આવી



પાટીયા પુલ પાસે વડાથી શિહોરી તરફ જઈ રહેલ બાઈક સવારો વડાગામના ઠાકોર રઘુજી સ્વરૂપજી ઉં.વ. ૧૮નું મોત નિલગાય આડે આવતા બાઈક ડિવાઈડર સાથે અથડાયુ હતુ અને ઠાકોર શૈલેશજી સેંધાજી ઉં.વ. અંદાજે ૨૦ વર્ષને ગંભીર ઈજા થતાં ટ્રેક્ટરમાં શિહોરી સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો આકોલી સરપંચ પરબતજી ઠાકોરે જણાવ્યું હતું.

જ્યારે શિહોરી પોલીસને જાણ કરેલ ત્યારે કોઈ પોલીસ હાજર ન હોવાથી ૨ કલાક બાદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવીને ટ્રાફિકને નિયંત્રણમાં લાવી હતી. જો કે પોલીસ ઉપર લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી. જ્યારે ૧૦૮ની આવી પહોંચતા હૈયાફાટ રૂદન વચ્ચે વાતાવરણ ગમગીન અને શોકમય બનવા પામ્યુ હતુ. આમ સરકારી બાબુઓ ૧૦૮ અને પોલીસની લાપરવાહિ લોકોએ નજરે નિહાળી હતી અને શિહોરી પો. સ્ટે.ના બીટ નં. ૨ ના રત્નાભાઈ દેસાઈ કોર્ટમાંથી દોડી આવી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

# મેઘરજ તાલુકાના ગેડ ગામે અજાણ્યા તાંત્રીકની હરકતોથી ગ્રામજનોમાં ભયનો માહોલ

મેઘરજ, તા. ૨૨
મેઘરજ તાલુકાના ગેડ ગામે પંદર દિવસથી પંડ્યા ફળીમાં કોઈક અજાણ્યા તાંત્રીક દ્વારા એક સફેદ કપડામાં તાંત્રીક વિધિ કરેલો સામાન તેમજ એક ધમકીભરી ચીઠ્ઠી રહિશોના મકાનો પાછળ મુકી જતાં ગેડ ગામમાં ડર અને ભયનો માહોલ વ્યાપી ઉઠ્યો છે.

મેઘરજ તાલુકાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર ધરાવાત ગેડ ગામમાં પંડ્યા ફળીમાં ૨૫ જેટલા મકાનો આવેલા છે અને તમામ પરિવારો મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે ત્યારે આ ફળીમાં રહેતા દિનેશભાઈ ખેમાભાઈ પંડ્યાના મકાનમાં ૯-૧૧-૧૬ના રોજ દિવસના ૧૧ વાગ્યાના અરસામાં તેમના પરિવારના સભ્યો આગળના ચોપાડમાં હતો ત્યારે પાછળના દરવાજે કોઈક તાંત્રીક વિધિ કરેલો સામાન જેમાં ત્રણ લીંબુ ત્રણ સુકા મરચાં અને ત્રણ કોલસા એક ધોતીના સફેદ કપડામાં કંકુ તેમજ ધમકીભરી ચિઠ્ઠી મુકેલી હતી. જેમાં લખ્યું હતુ કે હંસા તારો દિકરો ત્રણ દિવસ પછી જોવા નહિ મળે. આ ચિઠ્ઠી વાંચી દિનેશભાઈ પંડ્યા તથા તેમનો પરિવાર ચોંકી ઉઠ્યો હતો.

**મકાનો પાછળ તાંત્રીક વિધિ કરેલો સામાન મુકવામાં આવતા લોકો પરેશાન : તાંત્રીક દ્વારા મહિલાઓના એકલતાનો લાભ લઈ ઝેરી પદાર્થ પીવડાવી દેતા ચકચાર**

દિનેશભાઈને પોતાનો એકનો એક દિકરો હોવાથી તેમનો આખો પરિવાર ભયના માહોલ વચ્ચે જેવી રહ્યો હતો. ત્યારે ૧૧-૧૧-૧૬ના રોજ ગેડ ગામે તુલસી વિવાહનો કાર્યક્રમ હોવાથી ત્યાં ગામના તમામ લોકોનો ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ દિવસે ગામના સૌ લોકો ભોજન માટે એકઠા થયા હતા. તે અરસામાં પંડ્યા કુમુદબેન પણ આ કાર્યક્રમમાં જમવા માટે ગયા હતા અને તેમના પુત્રના વહુને એસીડીટીની તકલીફ હોઈ જેથી તેમને જમવાનું ન હોવાથી તેને ઘરે મુકી હતી. ત્યારે તેમના મકાનનો પાછળનો દરવાજો ખખડાવતા કુમુદબેનની પોત્રવધુએ દરવાજો ખોલતા કોઈક અજાણ્યો ઈસમે મોઢું બાંધેલુ અને કાળા કપડા પહેરેલા આ ઈસમે તેમની પુત્રવધુનો હાથ પકડી મોઢામાં કોઈક ઝેરી પ્રવાહી પીવડાવી દિધો હતો. આ અરસામાં તેમનો ભત્રીજો આવતા આ ઈસમ ધમકી ભરી ચિઠ્ઠી અને ઝેરી પદાર્થની ડબી ત્યાં નાખી ભાગી છુટ્યો હતો. અને કુમુદબેનની પુત્રવધુએ આ ઝેરી પદાર્થની ઉલ્ટી કરી પોતાના પતિને ફોન કરી આ ઘટનાની જાણ કરી હતી અને તે પોતે બેભાન થઈ જતા ગામના તમામ લોકો આ સ્થળે ભેગા થઈ ગયા હતા અને પુત્રવધુને તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં પહોંચાડવામાં આવી હતી અને ગેડ ગામના ગ્રામજનો આ ઈસમને શોધવા લાગ્યા હતા. પરંતુ આ ઈસમ ઝડપાયો ન હતો. જ્યારે આ અજાણ્યા ઈસમે આ લખેલી ચિઠ્ઠી મુકી હતી તેમાં લખ્યુ હતુ કે જે સામા ઘરે કર્યુ હતુ તે મેંજ કર્યુ હતુ અને આને પણ મેં જ દવા પીવડાવી છે મને કોઈ પકડી શકશે નહી. જેવી ધમકીભરી ચિઠ્ઠી જોતાં સૌ લોકો સ્તબ્ધ રહી ગયા હતા.

આ બાબતે ગ્રામજનોનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે અમારા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તાંત્રીક વિધિ તેમજ મહિલાઓના એકલતાનો લાભ લઈ ઝેરી પદાર્થ પીવડાવી દેતાં સમગ્ર ગામમાં ભયનો માહોલ ફેલાયો છે. અને આવા બનાવો અમારા ગામમાં ત્રણ વાર બન્યા છે જેથી અમારા પરિવારો રાત્રે કે દિવસે ઉંઘતા પણ નથી અને સૌ લોકો હેરાન પરેશાન છે. આ ઘટનાની જાણ ઈસરી પોલીસને કરવામાં આવી છે.

# મટોડામાંથી મળેલ મૃતદેહના ગુન્હામાં હત્યાનો ગુન્હો

ખેડબ્રહ્મા, તા. ૨૨
ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામની સીમમાં કૂવામાંથી મળી આવેલ મૃતદેહમાં પોલીસે હત્યાનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગતો અનુસાર મટોડા ગામના જશુભાઈ માંણકાભાઈ ગમાર (ઉં.વ.૩૭) રવિવાર રાત્રે ખેતરમાં પાણી વાળવા ગયા હતા. મોડે સુધી પરત ન આવતા પરિવારજનોએ તપાસ કરતાં કૂવામાંથી મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં અકસ્માતનો ગુન્હો નોંધાયો હતો. પોલીસ તપાસ દરમ્યાન કોઈ અજાન્યા ઈસમોએ એકબીજાની મદદગારી કરી પોતાનો બદ ઈરાદો પાર પાડવા માટે જશુભાઈ માંણકાભાઈ ગમારને કોઈ અગમ્ય કારણસર ગળાના ભાગે ધારદાર હથિયાર વડે ઘા કરી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યુ હતુ અને પુરાવા નાશ કરવાના ઈરાદે મૃતદેહને પટેલ ઈશ્વરભાઈના કૂવામાં નાખી દીધી હતી. જેથી પોલીસે પેનલ પી.એમ. કરાવી ડૉક્ટરના સર્ટીફીકેટ આધારે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ૩૦૨ની કલમ લગાવી હત્યાનો ગુન્હો નોંધ્યો હતો.